ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરનું
છાપકામ ખાનગી પ્રેસમાં કરાવવા અંગેની
સત્તા આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: કપચ-૧૯૯૦-૩૭૨૮-ગ-૪,
સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૨-૨-૧૯૯૨.

ઠરાવ :::-

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મંડળનું છાપકામ ખાનગી પ્રેસમાં કરાવવાની મંજુરી આપવા અંગેની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને મંડળ દ્વારા યોજવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ/એલીમીનેશન ટેસ્ટ વિગેરે માટે ઉપયોગમાં લેવાતા વિવિધ ફોર્મ્સ/પત્રકો/પત્રો જ્યાં ખાસ જરુરિયાત હોય તેવા કિસ્સામાં, આ અંગેની નિયત પધ્ધતિ અનુસરીને તથા નાણાકીય સત્તાની મર્યાદામાં રહીને, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષશ્રીની પુર્વ મંજુરી થી ખાનગી પ્રેસમાં છાપકામ કરાવવાની મંજુરી આપવામાં આવે છે.

૨. આ હુકમો, આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની અને નાણા વિભાગની અનુક્રમે તા. ૨૪/૧/૯૨ તથા તા: ૩૦/૧/૯૨ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.એચ.ચૌધરી )
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર,

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ; ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, અમદાવાદ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ/ડોન્ર શાખા, સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.
મદદનીશની સીલેક્ટ ફાઈલ.

મકવાણા/૮૨૯૨/ર્ટે.